

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ ગાંધીનગર ખાતે Special Task Force Committee ની મળેલ મિટીંગમાં ઉપસ્થિત રહી વેપાર-ઉદ્યોગના વિવિધ પ્રશ્નોની રજુઆત કરેલ...

રાજય સરકારના ઉધોગ ડિપાર્ટમેન્ટ દ્વારા આગામી વાઈબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૨૪ આયોજનના પુર્વ તૈયારીના ભાગરૂપેઅને નવી પ્રોત્સાહન યોજનાઓના ઘડતર જેવી અગત્યની કામગીરી કરવા અને વખતો વખત સરકારશ્રીને થયેલ કામગીરી અંગે રીપોર્ટ કરવા માટે Special Task Force Committee કમિટિની રચના કરવામાં આવેલ છે. જેમાં સમગ્ર-સૌરાષ્ટ્રમાંથી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવની નિમણુંક કરાયેલ છે. આ Special Task Force Committee કમિટિની પ્રથમ મિટીંગ તા.૭-૬-૨૦૨૩ ના રોજ માનનીય અધિક ઉધોગ કમિશ્નરશ્રી આર્યા સાહેબની અધ્યક્ષતામાં, ઉધોગ ભવન, ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ હતી. આ મિટીંગનો મુખ્ય ઉદેશ આગામી વાઈબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૨૪ ની પુર્વ તૈયારી કરવા તેમજ ઔધોગીક નિતીમાં ફેરફાર કરવા માટે કમિટીના સભ્યો પાસેથી સુચનો માંગવામાં આવેલ હતા. જેમાં રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ ઉપસ્થિત રહી વેપાર-ઉધોગના વિવિધ પ્રશ્નોની રજુઆત ધ્યાને મુકેલ હતી. જેમાં મુખ્યત્વે ઔધોગીક નિતીને લગતા નીચે મુજબના પ્રશ્નોને ખાસ પ્રાધાન્ય આપવામાં આવેલ.

(૧) વાઈબ્રન્ટ ગુજરાતનું રાજકોટ ખાતે આયોજન કરવા બાબત.
રાજય સરકાર દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરે રાજયના વેપાર-ઉધોગને વધુ વેગ મળે તે શુભ આશયથી વાઈબ્રન્ટ ગુજરાતની શરૂઆત કરવામાં આવેલ હતી. જે પરંપરા મુજબ આ વર્ષનું વાઈબ્રન્ટ ગુજરાતનું આયોજન ૪-ઝોનમાં કરવાનો જે નિર્ણય કયર્ો છે. તે આવકારદાયક છે. વાઈબ્રન્ટ ગુજરાત થકી રાજયના તમામ વેપાર-ઉધોગકારોને પોતાના વેપાર-ધંધાને વધુ સમૃધ્ધ બનાવવામાં ખુબ જ ઉપયોગી બને છે.

રાજકોટ-સૌરાષ્ટ્રનું પાટનગર હોય રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વર્ષ ૨૦૧૬ માં માનનીય પુર્વ મુખ્યમંત્રીશ્રીમતી આનંદીબેન પટેલજીની ઉપસ્થિતિમાં વાઈબ્રન્ટ સૌરાષ્ટ્રનું આયોજન કરેલ હતું અને તેને ખુબ જ સારી સફળતા મળેલ હતી. સૌરાષ્ટ્રના મુખ્ય મથક તરીકે રાજકોટ શહેર ઓટોપાર્ટસના હબ તરીકે જાણીતું છે તથા આસપાસના શહેરો જેવા કે જામનગર બ્રાસ પાર્ટસનું હબ છે જયારે મોરબી સીરામીક સમગ્ર વિશ્વમાં આગવું સ્થાન ધરાવે છે. ત્યારે આ વખતનું વાઈબ્રન્ટ ગુજરાત જે

ઝોનમાં યોજાવવાનું નકિક કરેલ છે. તેમાં રાજકોટ ખાતે વાઈબ્રન્ટ ગુજરાતનું આયોજન કરવું તે સમગ્ર સૌરાષ્ટ્ર માટે વિશેષ બાબત ગણાશે.

(૨) ગુજરાત રાજયના માઈક્રો, સ્મોલ અને મિડીયમ એકમોને કેપીટલ ઈન્વેસ્ટેમેન્ટ સબસીડીની સહાય મર્યાદા વધારવા બાબત.

સરકારશ્રી દ્વારા MSME એકમોને ખુબ જ પ્રોત્સાહન આપવામાં આવી રહયું છે. ગુજરાત રાજયના MSME એકમોનો વધુ વિકાસ થાય તે માટે રાહત પેકેજો-સ્કીમો અમલમાં મુકેલ છે. ગુજરાત રાજયમાં આશરે ૪ લાખથી પણ વધુ MSME એકમો કાર્યરત છે અને નવા પણ સ્થપાઈ રહયા છે. રાજય સરકાર દ્વારા નવી ઔધોગીક નિતી-૨૦૨૨ અમલમાં મુકેલ હોય જેમાં માત્ર માઈક્રો યુનીટોને (૧ કરોડ સુધીના રોકાણકારોને) જ કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ સબસીડી ૧૦% મળવાપાત્ર થાય છે. જયારે પાછળની તમામ ઔધોગીક પોલીસીઓમાં માઈક્રો, સ્મોલ અને મિડીયમ એકમોને કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ સબસીડી મળવાપાત્ર થતી હતી. વધુમાં અન્ય રાજયોની પોલીસીમાં તેના નિતિ નિયમો મુજબ કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ સબસીડીની ટકાવારી આપણાં ગુજરાત રાજય કરતા વધુ જણાઈ રહી છે. તો ગુજરાતને જ આવો અન્યા શા માટે ? માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતના સપનાને સાર્થક કરવા તેમજ ગુજરાતના ઉધોગકારોનો વધુ વિકાસ થાય અને અર્થતંત્રમાં સહભાગી બની શકે તે માટે નવી ઔધોગીક નિતીમાં ફેરફાર કરી ગુજરાત રાજયના તમામ માઈક્રો, સ્મોલ અને મિડીયમ એકમોને કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ સબસીડી મળવાપાત્ર થાય તેમજ આ કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ સબસીડીની અપર લીમીટ ૩૦ લાખ સુધી વધારી આપવી.

(૩) રાજકોટ ખાતે કન્વેન્શન સેન્ટર ફાળવવા અંગે.

રાજકોટ ખાતે કન્વેન્શન સેન્ટર ફાળવવાની માંગણી ઘણા સમયથી પેન્ડીંગ છે. પુર્વ મુખ્યમંત્રીશ્રીએ આ માંગણીનો સ્વીકાર કરેલ હોય તેમજ અંદાજે આશરે ૩૨ એકર જગ્યા નું સ્માર્ટ સીટી એરીયામાં પ્રોવીઝન કરેલ હોય આપશ્રી આ અંગે તાત્કાલીક નિર્ણય લઈ સૌરાષ્ટ્રના વેપાર-ઉધોગને વધું વેગવંતુ બનાવો એવી અમારી માંગણી સ્વીકારી રાજકોટ ખાતે કન્વેન્શન સેન્ટર ફાળવી આ પ્રશ્ન અતી સેન્સીટીવ હોય તાત્કાલીક અશરથી ઘટતું કરવું.

(૪) રાજકોટ ખાતે ડિફેન્સ અને એરોસ્પેસ ઈન્ડસ્ટ્રી સ્થાપવા માટે જંત્રીના ૨૫%ના દરે તાત્કાલીક જમીન ફાળવવા બાબત.

રાજકોટ સૌરાષ્ટ્રનું પાટનગર હોય, સૌરાષ્ટ્રમાં આશરે ૧૫૦૦ MSME ઈન્ડસ્ટ્રીઝ ફોર્જિંગ તેમજ કાસ્ટીંગ (ફાઉન્ડ્રી) આવેલ છે. જેમાંથી આશરે ૨૫૦ યુનિટો ડિફેન્સ અને એરોસ્પેસ સાથે ડાયરેકટ અને ઈનડાયરેકટ જોડાયેલ છે. હાલના ડિફેન્સ અને એરોસ્પેસ પોલીસીમાં જંત્રીનો દર ૫૦% હોય તેમજ

જંત્રીના દર ઓલમોસ્ટ ડબલ થઈ ગયેલ છે તો ૫૦% વાળો દર ૧૦૦% જેવો થઈ રહયો છે. જો રાજકોટમાં ડિફેન્સ અને એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીને બુસ્ટ આપવું હોય તો રાજકોટ ખાતે ડિફેન્સ અને એરોસ્પેસ ઈન્ડસ્ટ્રી સ્થાપવા માટે જંત્રીના ૨૫%ના દરે તાત્કાલીક જમીન ફાળવવી ખાસ જરૂરી છે. જેથી આવી ઈન્ડસ્ટ્રીને વધુ વેગ મળશે અને માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના આત્મનિર્ભર ભારતનું સપનું સાકાર થશે.

(૫) ગુજરાતની નવી ઔધોગીક નિતી અંતર્ગત તાલુકાઓની કેટેગરીમાં ફેરફાર કરવા અંગે.
ગુજરાતની નવી ઔધોગીક નિતીમાં તાલુકાઓની કેટેગરીમાં ફેરફાર કરવો ખુબ જ જરૂરી છે. હાલની પોલીસીમાં કેટેગરી ૧, ૨, ૩ પ્રમાણે સબસીડી અને વ્યાજ સહાય આપવામાં આવે છે. જેના કારણે ઘણા તાલુકાઓને અન્યાય થતો હોય તેવું જણાય છે. આમ જે અગાઉની પોલીસી મુજબ કોર્પોરેશનની હદની અંદર અને કોર્પોરેશનની હદની બહાર આવતા એકમોને સબસીડી અને વ્યાજ સહાય મળવાપાત્ર થતી હતી તે મુજબ ફેરફાર કરવો. જેથી હાલના કાર્યરત અને નવા સ્થપાતા ઉધોગોને સરકારના તમામ લાભો મળવાપાત્ર થાય. જેથી MSME એકમોને ફાયદો થશે.

(૬) વિદેશોમાં યોજાતા ટ્રેડ ફેર અને ઔધોગીક પ્રદર્શનોમાં ભારતીય ઉત્પાદકો, વાણિજયીક એકમો તથા નિકાસકારો ભાગ લઈ શકે તે માટે સરકારશ્રી દ્વારા રૂા. ૫ લાખ સુધીની સહાય મર્યાદા નકિક કરવામાં આવેલ છે. પરંતુ પ્રવર્તમાન પરિસ્થિતિ અને સંજોગોને ધ્યાને લેતા આ રકમ ખુબ જ ઓછી લાગે છે. આ માટેની સહાય મર્યાદા રૂા. ૩૦ લાખ સુધી વધારી આપવી.

(૭) નવી ઔધોગીક નિતીમાં માત્ર મેન્યુફેકચરર એકમોને જ કેપીટલ સબસીડી અને ઈન્ટરેસ્ટ સબસીડી આપવામાં આવે છે, પરંતુ રાજકોટમાં સર્વિસ સેકટરનો વ્યાપ વધુ હોય તેમજ આ સેકટર મોટા પાયે રોજગારીનું સર્જન કરી રહયું હોય તેને પણ નવી ઔધોગીક નિતીનો લાભ મળવો જોઈએ.

(૮) ઔધોગીક નિતિ ૨૦૨૦ માં સમગ્ર ગુજરાત માંથી કવોલિટી સર્ટીફીકેશનમાં સહાય મેળવવા ગાંધીનગર ઉધોગ ભવનમાં ઘણી ફાઈલો પેન્ડીંગ છે. આ પોલીસીમાં કોઈ નિર્ણય લેવાના વાંકે ઘણા સમયથી આ કાર્યવાહી ઠપ થઈ ગયેલ હોય. તો આ બાબતે તાત્કાલીક યોગ્ય કરવું.
ઉપરોકત રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રજુ કરાયેલ પ્રશ્નો અંગે અધિક ઉધોગ કમિશ્નરશ્રી આર્યા સાહેબએ હકારાત્મક અભિગમ દાખવી આ અંગે તાત્કાલીક વિચારણા કરી યોગ્ય કરવા ખાત્રી આપેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.